<u>ક્રિ. કે. નં.૨૩૮૭૮/૧૭</u>

(૧) આ કામમા એલીસબ્રીજ પો.સ્ટે. ધ્વારા આરોપી વિરુધ્ધ ઈ. પી. કો. કલમ ૨૭૯, ૪૨૭ તથા મો.વ્હી. એકટ ની કલમ ૧૭૭, ૧૮૪ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામા આવેલ છે. આ કામે આરોપી અદાલતમા હાજર થતા તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ. પ્રો. કોડ કલમ ૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામા આવેલ છે. આરોપીએ ત્યાર બાદ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ત્યાર બાદ આરોપીની ચાર્જશીટમા જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમા પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ પ્રથમ ગુનો છે અને તેઓ મધ્યમ વર્ગના માણસ છે અને તેઓને દર મુદતે કોર્ટ સમક્ષ હાજર રહે તો ખુબ જ આર્થિક નુકશાન થાય તેમ છે તેમ જણાવે છે તથા ભવિષ્યમા આવા પ્રકારનો ગુનો ફરીથી નહિ કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવેલ છે. એ.પી.પી.શ્રીએ કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૩) આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમા લેતાં ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરું છું.

<u>હુ ક મ</u>

ક્રિ. પ્રો. કોડ કલમ–૨૫૨ અન્વયે આરોપીને ઈ. પી. કો. કલમ ૨૭૯, ૪૨૭, તથા મો.વ્હી. એકટ ની કલમ ૧૭૭, ૧૮૪ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવી એકત્રીતપણે રૂ.૭૦૦/– ( અંકે રુપિયા સાતસો પુરા ) દંડ, દંડ ના ભરે તો દિન–૪ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરું છું.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચીને જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૧૦/૨/૨૦૧૮.

(એમ.આર. શુકલા.)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૨,અમદાવાદ.
જીજે૦૦૬૮૧